# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

<u>પરિપત્ર:-</u>

વિષય: "ખાદી ફોર નેશન - ખાદી ફોર ફેશન" અંતર્ગત શિક્ષણ સાથે જોડાયેલ તમામ લોકોને વ્યક્તિગત/ સામૂહિક રીતે તા.૨૫/૧૦/૨૦૨ના રોજ ખાદી પહેરવા બાબત.

સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક/પીઆરઓ/૨૦૨૧-૨૨/૧૧૨૩, તા.૨૨/૧૦/૨૦૨૧.

અત્રેની યુનિવર્સિટીમાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીઓ/અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ/અધ્યાપકો તથા અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાઓના આચાર્યશ્રીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને જણાવવાનું કે, ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે "ખાદી ફોર નેશન - ખાદી ફોર ફેશન"ના મંત્રને ચરિતાર્થ કરવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. આ કાર્યક્રમથી રાજ્યના વણાટકામ ક્ષેત્રે કાર્યરત જરૂરિયાતમંદ લોકોને રોજગારી મળી રહે, આત્મનિર્ભર ભારત અભિયાનના ભાગ સ્વરૂપે સ્વદેશી વસ્તુઓ અપનાવવા માટે સૌ પ્રેરિત થાય અને ખાદી ખરીદી માટે લોકો પ્રોત્સાહિત થાય તેવા ઉમદા હેતુથી ખાદી ખરીદવા તથા પહેરવા માટેનું અભિયાન હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે.

વધુમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે આ અભિયાન અંતર્ગત વ્યક્તિગત/સામૂહિક રીતે ખાદી ખરીદી અને પહેરવા માટેના અભિયાનમાં સ્વેચ્છાએ બહોળી સંખ્યામાં સહભાગી થવા તથા આગામી તા.૨૫મી ઓક્ટોબર,૨૦૨૧ના રોજ સામૂહિક રીતે ખાદીના વસ્ત્રો પહેરવા માટે આપની કક્ષાએથી સૌને પ્રેરિત કરવા જણાવવામાં આવે છે.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૩૦૪/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા-જૂનાગઢ.
તા.૨૩/૧૦/૨૦૨૧

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહિવટી અધિકારી/કર્મચારી તથા વિદ્યાર્થીઓ તરફ....

<u>નકલ સાદર રવાના:-</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.
<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:</u>
(૨) આઇ.ટી.સેલ વિભાગ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.

**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી**

જનસંપર્ક શાખા, બ્લોક નં. ૧૨/૨ , બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.


ક્રમાંક : પીઆરઓ/૨૦૨૧-૨૨/ ૬૧૨૩ , તારીખ: ૨૨/૧૦/૨૦૨૧

<u>અપીલપત્ર</u>

પ્રતિ

આચાર્યશ્રી/રજીસ્ટ્રારશ્રી

સરકારી કોલેજ, અનુદાનિત કોલેજ તમામ,

યુનિવર્સિટી તમામ, ગ્રામવિદ્યાપીઠ તમામ,

વિષય: ખાદી ફોર નેશન – ખાદી ફોર ફેશન" અંતર્ગત શિક્ષણ સાથે જોડાયેલ તમામ લોકોને વ્યક્તિગત/સામૂહિક રીતે તા.૨૫/૧૦/૨૦૨૧ના રોજ ખાદી પહેરવા બાબત.

સંદર્ભ : ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક : પરચ/૧૨૨૦૨૧-૩૯૫-વ૨, તા.૧૪/૧૦/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે "ખાદી ફોર નેશન-ખાદી ફોર ફેશન"ના મંત્રને ચરિતાર્થ કરવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. આ કાર્યક્રમથી રાજ્યના વણાટકામ ક્ષેત્રે કાર્યરત જરૂરિયાતમંદ લોકોને રોજગારી મળી રહે, આત્મનિર્ભર ભારત અભિયાનના ભાગ સ્વરૂપે સ્વદેશી વસ્તુઓ અપનાવવા માટે સૌ પ્રેરિત થાય અને ખાદી ખરીદી માટે લોકો પ્રોત્સાહિત થાય તેવા ઉમદા હેતુથી ખાદી ખરીદવા તથા પહેરવા માટેનું અભિયાન હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે.

વધુમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે આ અભિયાન અંતર્ગત અત્રેની કચેરીમાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ તેમજ અત્રેની કચેરીના તાબા હેઠળની સંસ્થાઓના હસ્તકના કચેરીઓમાં ફરજ બજાવતા આચાર્યો, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ અને બિન શૈક્ષણિક કર્મચારીઓને વ્યક્તિગત/સામૂહિક રીતે ખાદી ખરીદી અને પહેરવા માટેના અભિયાનમાં સ્વેચ્છાએ બહોળી સંખ્યામાં સહભાગી થવા તથા આગામી તા.૨૫મી ઓકટોબર,૨૦૨૧ના રોજ સામૂહિક રીતે ખાદીના વસ્ત્રો પહેરવા માટે સૌને પ્રેરિત કરવા આથી અપીલ કરવામાં આવે છે.

નિયામક

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,

ગાંધીનગર


શ્રેયાન અધિકારીના ઈ મેઈલ આઈડી :- ssesta-che@gujgov.edu.in, pro.onlineportal.jc-che@gujgov.edu.in

નાયબ નિયામકના ફોન નંબર:- 079-23253998


Scanned by TapScanner